જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૩ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦,૫૪૬ બિયર ટીન અને ૦૧ આયસર ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૦૨/૨૦૨૬**

શાહીબાગઃ શાહીબાગ ઘોડા કેમ્પ રોડ સિવિલ સ્ટાફ કવાર્ટસ અભયમ ખાતે રહેતી યુવતીએ તા.૧૫/૦૯/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૬ બપોરના ૦૨/૧૫ થી કલાક ૦૨/૪૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૨૮૮૩૧૮૯૨૮ ના ધારકે યુવતીને ફોન કરી અદાણી ગેસ કંપનીમાંથી બીલ અપડેટ વિભાગમાંથી અધિકારી વાત કરતા હોવાની ઓળખ આપી બીલ અપડેટ કરવા માટે મોબાઇલ નંબર ૮૪૭૧૦૩૨૦૩૧ થી યુવતીનાના વોટસએપમાં My AdaniGas.apk નામની ફાઇલ મોકલી યુવતીના બેન્ક ખાતાઓમાંથી રૂપિયા ૧,૩૨,૦૦૦/– ઓનલાઇન ટ્રાન્ઝેકશન મારફતે મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સિંઘવ ચલાવે છે.

બોડકદેવઃ નિસર્ગભાઇ લલિતકુમાર ચવાડીયા (ઉ.વ.૨૪) (રહે. આદિત્ય રેસીડેન્સી થલતેજ ફાયર સ્ટેશન પાસે થલતેજ) એ તા.૧૫/૦૯/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ નિસર્ગભાઈ ચવાડીયાના ફોનમાં ટેકસ મેસેજમાં પરીવહનની લીંક મોકલતા તે લીંક ઉપર કલીક કરતાં એપ્લીકેશન ડાઉનલોડ થતા મોબાઇલની પરમિશન માંગતા પરમિશન આપી હતી. ત્યારબાદ તા.૦૬/૦૯/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ નિસર્ગભાઈ ચવાડીયાના મોબાઇલ ફોનમાં રહેલ બેંકીંગ એપનો ઉપયોગ કરી નિસર્ગભાઈ ચવાડીયાના કંપનીના ખાતામાંથી તેમજ સેવિંગ ખાતામાંથી મળી ઓનલાઇન કુલ રૂપિયા ૨,૩૬,૯૯૭/– ટ્રાન્ઝેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

ખોખરાઃ નિલેશ સ/ઓ વામનચંદ્ર મહાદેશ્વર (ઉ.વ.૪૨) (રહે. ધિરજ હાઉસિંગ સોસાયટી હરિપુરા મણીનગર (પુર્વ) ખોખરા) એ તા.૧૫/૦૯/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ નિલેશ મહાદેશ્વર નાઓનો મોબાઇલ ફોન હેક કરી ઓનલાઇન માધ્યમથી નિલેશ મહાદેશ્વરના બેંક ખાતામાથી રૂપિયા ૭૯,૦૦૦/– ટ્રાન્ઝેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.સાવલિયા ચલાવે છે.

લુંટઃ– **સમાચાર યાદી નં.૧૩૦૩/૨૦૨૬**

કાલુપુરઃ રાહુલ શાંતીલાલ પાટીદાર (ઉ.વ.૩૨) (રહે. પાટીદાર મોહલ્લો ગામ–મુલતાન તા–બદનાવત જી–ધાર મધ્યપ્રદેશ) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૬ સવારના ૦૭/૫૦ વાગ્યાના સુમારે શટલ ઓટોરીક્ષામા બેસી સારંગપુર થી બી.બી.સી.માર્કેટ જવાની ગલીમા આવેલ વલ્લભ ટ્રેડીંગ કુ.નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી રાહુલ પાટીદારને માર મારી બળજબરીથી રાહુલ પાટીદારના પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/–કાઢી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૩૦૪/૨૦૨૬**

અમરાઈવાડીઃ ઉદયભાન કેસરામ લોધી (રહે. રબારી કોલોની ગેટ નંબર–૦૪ મેટ્રો પિલ્લર નંબર–૭૧ સામે અમરાઈવાડી) એ તા.૧૫/૦૯/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૬ રાતના ૧૧/૩૦ થી તા.૧૧/૦૯/૨૦૨૬ કલાક ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતેથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– તેમજ કપડા સહીત બે ટ્રોલી બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી